# પાલનપુરના અનાજ કૌભાંડની તપાસ અરવલ્લી સુધી લંબાઈ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૩

પાલનપુરમં અન્ન અને નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનમાંથી રૂપિયા ૧.૯૧ કરોડના ઘઉં અને ચોખાના જથ્થાના કૌભાંડની તપાસ અરવલ્લી સુધી લંબાઈ છે. અનાજ કૌભાંડમાં તત્કાલિન ગોડાઉન મેનેજર એન.પી.રોત સામે પાલનપુર શહેર પશ્ચિમ પોલિસ મથકમાં ફરીયાદ નોધાયા બાદ પોલિસની ટીમો દ્વારા અરવલ્લીના મેઘરજના ગ્રામ્ય વિસ્તારના તેમના નિવાસ સ્થાને તપાસ શરૂ કરવામાં આવી છે. કૌભાંડમાં કથીત રીતે સંડોવાયેલા મેનેજરની ભાવનગર બદલી થયા પછી અન્ય પોલિસ ટીમ તપાસ માટે ત્યાં પણ રવાના થઈ છે. જિલ્લાના વતની મેનેજર પોલિસની પકડમાં આવ્યા પછી જો મોં ખોલે તો વધુ કેટલાંક નામો ખુલી તેવી સંભાવના છે.

ગાંધીનગરની એનફોર્સમેન્ટ ટીમ દ્વારા પાલનપુર અન્ન અને નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનમાં તપાસ કરવામાં આવી હતી જેમાં કરોડોના ઘઉં અને ચોખાના જથ્થાને ઘટ હોવાનું જણાઈ આવતાં આ મુદ્દે જિલ્લા પુરવઠા અધિકારીએ અરવલ્લીના

**ગોડાઉન મેનેજરના વતનમાં પાલનપુર પોલિસ પહોંચી**

રહીશ ગોડાઉન મેનેજરનો ખુલાસો માંગ્યો હતો પરંતુ તેઓ આ મુદ્દે કંઈ જાણતા ન હોવાનું રટણ શરૂ કર્યું હતું. ગોડાઉનમાં સરકારના સસ્તા દરના અનાજના પુરવઠાની સંપૂર્ણ જવાબદારી મેનેજરના સિરે હોવા છતાં કોઈ સ્પષ્ટતા આપી શક્યા ન હોવાથી પાલનપુર શહેર પશ્ચિમ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલિસ દ્વારા ગોડાઉનનું રેકર્ડ, ગેટપાસ, રજીસ્ટર અને ફાળવણી કરેલ જથ્થાની વિગત મેળવી ગોડાઉનમાં આવેલ અનાજનો જથ્થો અને વિતરણ થયેલ જથ્થાની વિગતો અંકે કરવામાં આવી હતી. જેમાં જથ્થાની ઘટ અંગે મેનેજરની પૂછપરછ થાય તે અગાઉ ગાયબ થઈ જતાં પાલનપુર પોલિસની એક ટીમ મેનેજરના વતન મેઘરજ અને બદલીના સ્થળ ભાવનગર ખાતે તપાસ અર્થે પહોંચી છે. પાલનપુરના અનાજ કૌંભાંડના તપાસના તાર અરવલ્લી જિલ્લા સુધી લંબાયા પછી હજુ સુધી ગોડાઉન મેનેજર પોલિસ પકડથી દૂર રહ્યા છે અને જો તે પોલિસના હાથે પકડાયા પછી મોં ખોલશે તો કરોડોના કૌભાંડમાં અન્ય લોકોની સંડોવણી બહાર આવે તેમ છે.

# અરવલ્લીમાં મિશન મંગલમ્ યોજનાના ભ્રષ્ટાચારમાં નિયામકની ભાગીદારીના આક્ષેપ

## યોજનામાં ઉઠતી ફરીયાદોને દાબી દેવામાં નિયામક માહેર..!

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૩

અરવલ્લી જિલ્લામાં મિશન મંગલમ્ યોજનામાં અમંગળ થઈ રહ્યાની રોજ નવી ફરીયાદો ઉઠી રહી છે. બાયડ તાલુકામાં સખીમંડળ દિઠ સરકારે આપેલા ૫-૫ લાખ રૂપિયામાં ટી.એલ.એમ. સહિતની ભ્રષ્ટ ટોળકીએ તેમાંથી યેનકેન પ્રકારે લાખો રૂપિયા ખીસામાં ભરી ભ્રષ્ટાચાર આચર્યો હોવાની ગંભીર ફરીયાદો છે પરંતુ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક આ કથિત ભ્રષ્ટાચારમાં ભાગીદાર હોવાના આક્ષેપ હવે શરૂ થયા છે. મિશન મંગલમ્ યોજનમાં થયેલી દરેક ફરીયાદોને દાબી દેવામાં નિયામકે મહારથ હાંસલ કરી હોય તેવું જોરશોરથી ચર્ચાઈ રહ્યું છે. ટી.એલ.એમ. સામે ઉચ્ચ કક્ષાએ ફરીયાદો થઈ હોવા છતાં નિયામકને અંદરખાને કેમ છાવરવાનો વારો આવ્યો છે ? તેની ઉંડી તપાસ થાય તો ટી.એલ.એમ. અને નિયામકની સાંઠગાંઠનાં છુપાયેલા ચોંકાવનારા કારસ્તાન બહાર આવે તેમ છે.

રાજ્ય સરકાર દ્વારા મહિલા સમૂહોના ઉત્કર્ષ માટે મિશન મંગલમ્ યોજના અમલમાં મુકવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં મિશન મંગલમ્ યોજનાને ચોક્કસ અધિકારી અને કર્મચારીઓએ રૂપિયા બનાવાની યોજનામાં તબદીલ કરી છે. બાયડ સહિત જિલ્લાના અન્ય તાલુકામાં આ યોજના મુજબ સખીમંડફોને મફતી રોકડ સહાય વ્યાજ સહિત પરત ભરવાની હોય છે પરંતુ આ સહાયનો ખોટો ઉપયોગ કરી ટી.એલ.એમ. સહિતના જવાબદાર અધિકારી-કર્મચારીઓએ નાણાંકીય ગોલમાલ આચરી ખીસાં ભરી લીધા હોવાની ફરીયાદો જાહેર થયા પછી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક કોઈ મજબૂરીને વશ થયા હોય તેમ બાયડ તાલુકા ગ્રામ વિકાસ શાખાના ભ્રષ્ટ ટી.એલ.એમ.ને અંદરખાને બચાવાના ભરપૂર પ્રયાસો કરતા હોવાની વિગતો ચર્ચામાં આવી છે. જિલ્લામાં કાર્યરત સખી મંડફોને સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ મળતી હોય છે જેમાં નિયત જુથોને રીવોલ્વીંગ ફંડ પણ આપવામાં આવતું હોય છે પરંતુ મિશન મંગલમ્ યોજનામાં તફીયાથી ટોચ સુધી ભ્રષ્ટાચાર વ્યાપી ગયો હોવાથી સરકારના લાખો રૂપિયા ભ્રષ્ટાચારીઓ પચાવી જતા હોય છે. બાયડ તાલુકામાં તો ભ્રષ્ટાચારની ફરીયાદો સામે આવ્યા પછી ગ્રામ વિકાસ શાખામાં અંદર કરંટ શરૂ થઈ ગયો છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના જવાબદાર ખુદ નિયામકની ભુમિકા શંકાસ્પદ હોવાના આક્ષેપ તાલુકા પંચાયત કચેરીમાં શરૂ થયા છે. મિશન મંગલમ્ યોજનામાં બાયડ તાલુકા ગ્રામ વિકાસ શાખામાં તો મહિલા કર્મચારી ઉપર હાથ ઉપાડવાની કોશિશ કરવામાં આવી હોવાની લેખિત ફરીયાદ થઈ છે. ટૂંકમાં તાલુકા સ્તરથી જિલ્લા સ્તર સુધી મિશન મંગલમ્ યોજનામાં ફળવાયેલ ગ્રાન્ટ ક્યાં કોને આપવામાં આવી અને તેનો સંખીમંડફોએ પૂરેપરો ઉપયોગ કર્યો છે કે કેમ ? રીવોલ્વીંગ ફંડ કેટલું મળ્યું અને ક્યાં વાપરવામાં આવ્યું અને સરકારમાં પરત ભરવામાં આવ્યું છે કે નહિ ? તેની તપાસ થાય તો મોટું કૌભાંડ ઉજાગર થવાની સંભાવના છે. બાયડ તાલુકામાં મિશન મંગલમ્ યોજનામાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની ફરીયદો પરત્વે જિલ્લા કક્ષાએથી નરમ વલણ અપનાવામાં આવતાં જિલ્લા નિયામક સામે પણ હવે ગંભીર આક્ષેપો શરૂ થયા છે.

# પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યકરો દ્વારા છ મહાનગર પાલિકાઓમાં જીતની ખુશીમાં આતશબાજી

**જીત ગયા ભાઇ જીત ગયા ભાજપ વાળા જીત ગયા : જય શ્રી રામના નારા બોલાવ્યા હતા : એક બીજાને મીઠાઇ ખવડાવી જીતની ખુશી વ્યક્ત કરવામાં આવી**





પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ છ મહાનગરપાલિકા ઓમાં ભાજપનો ભવ્ય વિજય થતાં પ્રાંતિજ ખાતે પણ ભાજપ કાર્યકરો દ્વારા ઢોલ નગારાં સાથે આતશબાજી કરવામાં આવી હતી.

પ્રાંતિજ ભાજપ શહેર મંડળ તથા તાલુકા ભાજપ શહેર મંડળ દ્વારા પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન ખાતે એકઠાં થઈને અમદાવાદ, વડોદરા , રાજકોટ, ભાવનગર, સુરત, જામનગર સહિત ની છ મહાનગરપાલિકા ઓમાં થયેલ ભાજપનો ભવ્ય વિજય ને લઈને ભાજપ કાર્યકરો ભેગાં થઈને જીત ગયા ભાઈ જીત ગયા ભાજપ વાલા જીત ગયા અને જયશ્રી રામના નારાં બોલાવી ભાજપ કાર્યકરોએ એક બીજાને મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કર્યું હતું અને એક બીજાને શુભકામના આપીને ઢોલ નગારાં સાથે ફટાકડા ફોડી આતશબાજી કરી જીતની ખુશી વ્યક્ત કરવામાં આવી હતી જયારે આ પ્રસંગે પ્રાંતિજ નગર પાલિકા ના પ્રમુખ દિપકભાઈ કડીયા, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, તાલુકા શહેર પ્રમુખ બળવંતભાઈ પટેલ, નગર પાલિકા ના પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પરમાર, નગરપાલિકાના ઉપપ્રમુખ જગદીશભાઈ કિંમતાણી, નગરપાલિકા કોર્પોરેટ દિપકભાઈ રાવળ સહિત નગરપાલિકા કોર્પોરેટરો તથા પ્રાંતિજ સહિત તાલુકામાંથી ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ડીસામાં વેપારીને ઈરાદાપૂર્વક કારની ટક્કર મારી ઈજાઓ પહોંચાડતાં ફરિયાદ

ડીસા, તા. ૨૩

ડીસામાં રહેતા અને વેપાર કરતા આધેડને કાર ચાલક દ્વારા એક માસ લના સમયગાળામાં બે વખત તેમના એક્ટિવાને ટક્કર મારી ઈજાઓ કરવા મામલે ઈજાગ્રસ્ત વેપારીએ ડીસા દક્ષિણ પોલીસ મથકે કાર ચાલક સહિત ત્રણ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની પોલીસ ફરિયાદની વિગતો અનુસાર ડીસાના રેલવે સ્ટેશન નજીક ગાયત્રી મોટર્સ ધરાવતા ૫૨ વર્ષીય સુમેરમલ ચેતનલાલ ચૌહાણ ગત તારીખ ૨૩/૧૦/૨૦ના રોજ પોતાનું એક્ટિવા લઈ ઉત્સવ બગલો ખાતે પોતાના ઘર તરફ જતા હતા તે દરમિયાન પાછળથી આવેલ એક સફેદ કાર ચાલકે તેમના એક્ટિવાને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો જોકે આ અકસ્માતને લઈ તેમને ઈજાઓ ના થતા તેમણે આ બનાવ મામલે પોલીસ ફરિયાદ આપેલ નહિ જોકે ત્યારબાદ ફરીવાર તેઓ તારીખ ૪/૧૧/૨૦ ના રોજ પોતાનું એક્ટિવા લઈ પોતાના ઘર તરફ જતા હતા તે દરમિયાન પાટણ હાઈવે નજીક આવેલ ભગવતી બિલ્ડીંગ નજીકમાં એક ઝાડ નજીક ઉભેલી એક સફેદ કારે પાછળથી આવી ફરીવાર તેમના એક્ટિવાને ટક્કર મારતા સુમેરમલ રોડ ઉપર પટકાયા હતા અને હાથ અને પગના ભાગે ઈજાઓ થયેલ અને નીચે પડયા બાદ તેઓ એ ટક્કર મારનાર વાહન સામે જોતા આ કાર અગાઉ જે કારે ટક્કર મારેલી તેજ કાર હતી અને કારમાં નજર કરતા તેમાં શિવરાજ ત્રિકમલાલ ચૌહાણ અને તેના બે દીકરા દીપેન અને કુણાલ હતા. જેઓ ટક્કર મારી ભાગી ગયેલા જોકે સુમેરમલની ફરિયાદમાં જણાવાયા અનુસાર આ આરોપીઓ પાસે સુમેરમલ ૧૩ લાખ ઉપરાંતની રકમ માંગતા હોઈ અને તે આપતા ના હોઈ તેમને અગાઉ ફરિયાદ પણ કરેલી અને નાણાં ના આપવા પડે માટે આરોપીઓએ સુમેરમલ ને મારવાનો પ્રયાસ કર્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું જોકે આ મામલે સુમેરમલ ચૌહાણ દ્વારા ડીસા દક્ષિણ પોલીસ મથકે શિવરાજ ત્રિકમલાલ ચૌહાણ ,દીપેન શિવરાજ ચૌહાણ અને કૃણાલ શિવરાજ ચૌહાણ વિરુદ્ધ મોટર અધિનિયમન કલમ અને આઈ પી સી કલમ ૨૭૯,૩૩૭,૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શામળાજી ગ્રામ પંચાયતના તલાટીની કાર કન્ટેનર પાછળ ઘૂસી જતા ગમખ્વાર અકસ્માતમાં કમકમાટી ભર્યું મોત

**શામળાજી સજ્જડ બંધ**

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે મોડાસા-શામળાજી હાઈવે પર વધુ એક અકસ્માતની ની ઘટનામાં શામળાજી ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા યુવાન તલાટી આગળ જતા ટ્રક કન્ટેનરની બેદરકારીનો ભોગ બન્યા હતા શામળાજીના ભવાનપુર પાસે તલાટીની કાર કન્ટેનર પાછળ ઘૂસી જતા કારનો બુકડો બોલાઈ ગયો હતો કાર ચાલક તલાટી કારમાં દબાઈ જતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્માતની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા શામળાજી પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી શામળાજી ગ્રામ પંચાયતના તલાટીનું અકસ્માતમાં મોત નિપજતા શામળાજીમાં સજ્જડ બંધ રાખી શ્રદ્ધાંજલી અપાઈ હતી

ભિલોડા તાલુકા તલાટી એસોસિએશનના પ્રમુખ અને ભવાનપુર ગામ નજીક આગળ પુરઝડપે પસાર થઈ રહેલા ટ્રક-કન્ટેનર ચાલકે અચાનક બ્રેક



શામળાજી ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા ધમબોલીયાં ગામના દેવેન્દ્રસિંહ ચૌહાણ સોમવારે રાત્રે શામળાજી થી મોડાસા આવી રહ્યા હતા ત્યારે મારતા ટ્રક-કન્ટેનર રોડ પર ઉભું રહી જતા પાછળથી કાર ટ્રક-કન્ટેનર ઘુસી જતા કારના આગળના ભાગના ફૂરચેફૂરચા બોલાઈ ગયા હતા કારમાં સવાર દેવેન્દ્રસિંહ ચૌહાણનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યુ હતું કાર અકસ્માતમાં દેવેન્દ્રસિંહ ચૌહાણનું મોત થતા પરિવારજનો અને મિત્ર વર્તુળ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અકસ્માતના પગલે શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી કારને રોડ પરથી ખસેડી અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિકજામ પૂર્વરત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી યુવાન તલાટીનું મોત થતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું તલાટીનું અકસ્માતમાં મોત નિપજતા તલાટી મંડળ સહીત સરકારી તંત્રમાં શોકનું મોજું ફરી વળ્યું હતો શામળાજી પંથકમાં ફરજકાળ દરમિયાન લોકચાહના ધરાવતા ગ્રામ પંચાયતના યુવાન તલાટીના મોતના પગલે શામળાજીના વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખી શ્રધાંજલિ અર્પી હતી

# બાયડ કોંગ્રેસીઓ ઉપર શિક્ષકોનો સોશ્યલ મીડિયા દ્વારા આક્રોશ

બાયડ ઓફિસ, તા. ૨૩

બાયડ નગરપાલિકાનીની ચૂંટણીમાં પ્રાથમિક શિક્ષકો ભાજપનો પ્રચાર કરે છે તેવી માફી માંગવા પ્રા. શિક્ષકોના ત્યાં રાત્રે ૧૨.૦૦ વાગે બારણાં ખખડાયા હતા. પરંતુ પ્રાથમિક શિક્ષકોએ બહુ ભાવ ન આપતાં

**ચૂંટણી લડતા કોંગ્રેસના ઉમેદવારો પ્રા. શિક્ષકોના આક્રોશથી ગભરાયા : કેટલાક માફી માંગવા પ્રા. શિક્ષકોના ઘરે પહોંચ્યા**

કોંગ્રેસ દ્વારા ખોટી ફરિયાદ કરતાં છેલ્લા ૨૪ કલાકથી બાયડના કોંગ્રેસીઓ ઉપર શિક્ષકોના સોશ્યલ મીડિયા દ્વારા ભરપૂર આક્રોશ વ્યક્ત કરી રીતસરની હવા કાઢવાનો પ્રયાસ થતાં ચૂંટણી લડતા કોંગ્રેસના અનેક ઉમેદવારો પ્રાથમિક શિક્ષકોના આક્રોશથી ગભરાયા છે. કેટલાક આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

છેલ્લા કેટલાક સમયથી બાયડ પાલિકાના કોંગ્રેસના ઉમેદવારો પોતાની હાર ભાળી જતાં હવે પ્રા. શિક્ષકોને હેરાન કરવાની હલકી માનસિકતા ઉપર આવી ગયા છે. પ્રા. શિક્ષકોને ડરાવવા - ધમકાવવાની રાજનીતિમાં આ વખતે કોંગ્રેસના આગેવાનો થાપ ખાઈ જતાં છેલ્લા ૨ દિવસથી બાયડ પાલિકા વિસ્તારમાં રહેતા ૨૦૦ થી વધુ પ્રાથમિક શિક્ષકોએ કોંગ્રેસ ઉપર ખોટા આક્ષેપ મુદ્દે ઉગ્ર રોષ વ્યક્ત કરી. પ્રા. શિક્ષકોના સોશ્યલ મીડિયા ગ્રુપમાં કોંગ્રેસને તેનો રસ્તો દેખાડી દેવાનો જગજાહેર આક્રોશ વ્યક્ત જોવા મળ્યો છે. બાયડ પાલિકા વિસ્તાર પોતાનું રજવાડું હોય તેવા મદમાં રાચતા કોંગ્રેસની કેટલાક કાર્યકરો ગતરાત્રે પ્રાથમિક શિક્ષકો પાસે કોરા બેલેટ પેપર લેવા પહોંચ્યા હતા. પરંતુ લીલા તોરણે રવાના કરી દેતાં પોતાની હાર નિશ્ચિત છે તેમ માની મોઢું વકાસતાં રવાના થયાનું રાત્રે કેટલાક લોકોએ જોયું હોવાનું બહાર આવ્યું છે. કેટલાક પ્રા. શિક્ષકોએ ગુપ્ત રીતે બેલેટ પેપર માંગતા હોવાનું વીડિયો રેકોર્ડીંગ કર્યું છે. અને જરૂર પડ્યે આવા ઉમેદવારો સામે જિલ્લા ચૂંટણી અધિકારીને આજે સાંજ સુધીમાં ફરિયાદ કરશે તેમ પણ જાણવા મળ્યું છે.

**કોંગ્રેસની શામ, દામ, દંડ ભેદની રાજનીતિ સમાપ્ત થશે - શિક્ષકોનો આક્રોશ**

બાયડ તાલુકાના તેમજ બાયડ પાલિકા વિસ્તરાના પ્રાથમિક શિક્ષકો કોંગ્રેસના આગેવાનો, ઉમેદવારોની નિર્લજ્જ હરકતોથી રોષે ભરાયા છે અને કોંગ્રેસની શામ, દામ, દંડ ભેદની રાજનીતિ સમાપ્ત થશે તેવો આક્રોશ દિવસ દરમિયાન સોશ્યલ મીડિયામાં વ્યક્ત કરતા જોવા મળ્યા છે.

# ધાનેરાના સોડાલ વેરી રોડ પર ગાડી પલટી ખાતા એકનું મોત

ડીસા, તા. ૨૩

ધાનેરા તાલુકાના સોડાલ વેરી રોડ પર સાતસણ તરફથી આવતી આઈ ટવેન્ટિ ગાડી (નંબર જીજે ૨૧ એમ ૮૪૨૪ ) ના ચાલકે કાબુ ગુમાવી દેતા ગાડી રોડની સાઈડમાં ઉતરી વિજ થાભલાને ટક્કર મારતા થાંભલો તૂટતાં ગાડી એરડાના ખેતરમાં પલટી મારી ગઈ હતી. ગાડી પલટી મારવાના સમાચાર મળતા પાથાવાડા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી તપાસ



કરતાં તેમાં એક વ્યક્તિ સોમાભાઈ જવાભાઈ ચૌધરી (ઉ.૬૦ રહે. સાતસણ) નુ મોત થયું હતું જ્યારે જીવાભાઈ હિરાભાઈ પટેલ ( ઉમર ૬૦ રહે.ભોડોત્રા ) ગંભીર રીતે ધાયલ થતાં પાથાવાડા સિએસચી લાવવામાં આવ્યા હતા ત્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યા હતાં.

## અરવલ્લી જિલ્લાનું ગૌરવ



બાયડ, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના નિડર, યુવા પત્રકાર જીતકુમાર હરેશભાઈ ત્રિવેદી (ભિલોડા) ની ભારત વિકાસ પરિષદ, ભિલોડા શાખાના ઉપપ્રમુખ પદે સર્વાનુમતે વરણી થતાં સૌએ તેમની નિયુક્તિને અભિનંદન પાઠવ્યા હતા.

# વસુંધરા ફાઉન્ડેશનના ફેસીલીટેટર અને દર્શક ગ્રામિણ વિકાસ ટ્રસ્ટ દ્વારા મદારી જ્ઞાતિની દીકરીઓને કપડા વિતરણ

મહેસાણા, તા. ૨૩

મહેસાણા જિલ્લાના છેવાડે મોડેલ સ્કૂલ સતલાસણા આવેલી છે. આ સ્કૂલમાં આદિવાસી વિસ્તારમાંથી આવતી દીકરીઓ છે તેમજ સ્કૂલ પરીસરની આસપાસ મદારી જ્ઞાતિના ૬૦ જેટલા પરિવાર વસવાટ કરે છે.સરકારશ્રીના સહયોગથી રાજ્યમા અનેક પ્રકારની એન.જી.ઓ શિક્ષણ અને સમાજ વિકાસ માટે કાર્ય કરે છે. મહેસાણા જિલ્લામાં છેવાડના તાલુકા સતલાસણમાં વસુંધરા ફાઉન્ડેશન દ્વારા સ્ટેમ ફોર ગર્લ્સ પ્રોજેકટ અંતર્ગત કામ થઈ રહ્યું છે.

લોકડાઉન દરમિયાન ઓનલાઈન શિક્ષણમાં આ મદારી જ્ઞાતિની દીકરીઓને જોડવી તે ગ્રામીણી વિસ્તારમાં કાર્યરત એન.જી.ઓ માટે સૌથી મોટી ચેલેન્જ હતી. વસુંધરા ફાઉન્ડેશના ફેસીલીટેટર સલોનીબેન દ્વારા એવી વ્યવસ્થા કરવામાં આવી હતી કે જે દીકરી પાસે મોબાઈલ હોય તેની સાથે બીજી દીકરીઓ જોડાઈને સેશન એટેન્ડ કરે. આ વ્યવસ્થાના ભાગરૂપે ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી મધુ અને ભાવના તેના કલાસમાં ભણતી શ્રધ્ધાના ઘેર ૪ કી.મી ચાલીને ઓનલાઈન સેશન એટેન્ડ કરવા જતા. જે આગળ જતાં સ્ટેમ ફોર ગર્લ્સ પ્રોજેકટમાં મોબાઈલ લાઈબ્રેરી અંતર્ગત આ દીકરીઓને મોબાઈલ આપવામાં આવેલ છે.

આઈ.બી.એમ. કંપનીના આર્થિક સહયોગ અને કવેસ્ટ અલાયન્સ સંસ્થાના માધ્યમ અને માર્ગદર્શનથી વસુંધરા ફાઉન્ડેશન સંસ્થા મારફતે ગુજરાતના પાંચ જીલ્લાની ૨૪ સ્કૂલોમાં સ્ટેમ ફોર ગર્લ્સ પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવી રહયું છે. આ ૨૪ સ્કૂલોમાંથી મહેસાણા અને સુરતના એક એક તાલુકાની સ્કૂલો અને બાકીના નર્મદા, છોટાઉદેપુર અને ડાંગ સંપૂર્ણ ટ્રાયબલ તરીકે આ પ્રોજેકટમાં આવેલ છે.

વસુંધરા ફાઉન્ડેશનના ફેસીલીટેટર, પ્રોજેકટ મેનેજર અને ડાયરેકટરની ટીમ દ્વારા મદદરુપ થવાના હેતુથી સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં વિચરતી જાતીને મદદરુપ થતી 'દર્શક ગ્રામિણ વિકાસ ટ્રસ્ટ' સંસ્થાના સહયો મળ્યો .

## અવસાન નોંધ..



બાયડ,

ઈડર તાલુકાના ચોરીવાટ ગામના રમેશભાઈ પટેલ (ચેરમેન, ધી ચોરીવાટ બચત ધિરાણ મંડળી, ચોરીવાડ, અને ભરતભાઈ પટેલ (પૂર્વ સરપંચ, ચોરીવાડ ગ્રામ પંચાયત) ના પિતા છગનભાઈ બાદરભાઈ પટેલનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.